# ખેડબ્રહ્મા તાલુકામાં ડુપ્લીકેટ 'ઘી' અને 'ચા'નો કારોબાર

## ભળતી કંપનીના નામે ચા, મરચુ, ઘી, તેલનું ધુમ વેચાણ : જનઆરોગ્ય સામે ખતરો

ખેડબ્રહ્મા, તા. ૫

સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મામાં ફુડ વિભાગની રહેમ નજર હેઠળ નકલી ઘી નો કારોબાર ધમધમે છે. આ અંગેની તપાસમાં વેપારીઓ સામે લાલ આખ કરે તે જરૂરી છે. આ હકીકતે તાલુકામાં અલગ-અલગ સ્થળોએ નકલી ઘીનો કાળો કારોબાર ચાલી રહ્યો છે અને ભળતી કંપનીના નામે ચા અને મરચુ છેલ્લાં કેટલાંક વર્ષોથી બનાવટી ઘીનું વેચાણ ચાલુ હોઈ ટર્નઓવર કરોડોમાં પહોંચી ગયું છે. જનઆરોગ્ય સામે ખતરો યથાવત છે. ખેડબ્રહ્મા તાલુકામાં સાચા ઘી સામે નકલી ઘીનું વેચાણ અનેક ગણું છે. ૨૦૦ રૂપિયાથી શરૂ થતું ઘી સ્થળ અને ઈસમો મુજબ અલગ અલગ ભાવે વેચાઈ રહ્યું છે. તાલુકામાં ફૂડ વિભાગે નમૂના લઈને તપાસ કરે તો તાલુકામાં નકલી ઘી નો કાળો કારોબાર ચાલી રહ્યો છે. ઘીના ડબ્બા ઉપર વિવિધ પ્રકારનાં લેબલો અને અંગ્રેજી ભાષામાં લખાણ સાથે ચિત્રો દર્શાવી ગ્રાહકોને ભ્રમિત કરવામાં આવી રહ્યા છે. ખેડબ્રહ્મા શહેરમાં ૮૦ ટકા પશુપાલકો દૂધ જે તે ડેરીમાં ભરાઈ રહ્યા છે. આથી દૂધ સંઘના પેકિંગ ઘી સામે ખાનગી વેપારીઓ વેચાણ કરી રહ્યા છે. જેમાં રૂપિયા ૨૦૦ થી ૫૦૦ સુધીના ભાવે વેચાણ કરી રહ્યા છે. તાલુકામાં દેશી અને ચોખ્ખું ઘી મળવું મુશ્કેલ છે અને જ્યાં મળે છે તેના ભાવ રૂપિયા ૭૦૦થી ૧૦૦૦ હોવાથી બનાવટી ઘીનું બજાર ઊંચકાઈ ગયું છે.

તાલુકામાં ઘી સહિતની ખાદ્ય ચીજવસ્તુઓને લઈ જન આરોગ્ય સામે શરૂઆતથી જ ગંભીર સ્થિતિ ચાલી રહી છે. આવી પરિસ્થિતિમાં સરકારી અને ખાનગી દવાખાનાઓમાં દર્દીઓનો ધસારો બારેમાસ બની ગયો છે. આ બાબતે તપાસ કરી ઘટતુ કરે તેવું પ્રજામાં ચર્ચાઈ રહ્યું છે.

# લીલાધારી મહાદેવના મંદિરે ભવ્ય લોકમેળો ભરાયો



પાલનપુર, તા.૫

મહાશિવરાત્રી ના પર્વ નિમિત્તે લીલાધારી મહાદેવના મંદિરે ભવ્ય લોક મેળો ભરાયો હતો. જેમાં મોટી સંખ્યામાં ભક્તોએ ભગવાન શિવના દર્શન કરી ધન્યતા અનુભવી હતી તો બીજીતરફ આવનાર ભક્તોને કોઈ તકલીફ ન પડે અને કોઈ અણબનાવ ન બને તે માટે તંત્ર દ્વારા પણ ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

ગુજરાત એ ભાતીગળ મેળા માટે જાણીતું રાજ્ય છે અને ગુજરાતમાં વાર-તહેવાર ભાતીગળ મેળા ભરાતા હોય છે ત્યારે આજે મહાશિવરાત્રીના પર્વ નિમિત્તે ગુજરાત-રાજસ્થાન સરહદ ઉપર આવેલ મંડાર ગામે ભગવાન લીલાધારી મહાદેવના મંદિરે ભવ્ય મેળો ભરાયો હતો. મેળામાં ગુજરાત અને રાજસ્થાનમાંથી મોટી સંખ્યામાં ભક્તો ઉમટી પડ્યા હતા અને ભગવાન શિવના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. ભગવાન શિવ અહીં પહાડ ઉપર બિરાજમાન છે અને લોકો ઊંચા પહાડ ઉપર ચડી ભગવાન શિવના દર્શન કરે છે. તંત્ર દ્વારા પણ ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવે છે જેથી લઈ આવનાર ભક્તો ખુબજ સરળતાથી અને શાંતિપૂર્વક ભગવાન શિવના દર્શન કરી શકે.

# બાયડના ઓઢા-ટોટુ ગામ નજીક યુવકનો કેનાલમાંથી મૃતદેહ મળતા ચકચાર

બાયડ, તા. ૫

અરવલ્લી જીલ્લાના બાયડ તાલુકાના ઓઢા અને ટોટુ નજીક અહેમદપુરા ગામ નજીકથી પસાર થતી ડાબા કાંઠાની વાત્રક મુખ્ય કેનાલમાં પાણીમાં યુવકનો મૃતદેહ તણાઈ આવતા કેનાલની



આજુબાજુમાં ખેતરમાં કામ કરતા લોકો અને ગ્રામજનો દોડી આવ્યા હતા. સાઠંબા પોલીસને જાણ થતા ઘટનાસ્થળે દોડી આવી હતી. મૃતક યુવાન ઉભરાણ ગામનો પ્રાથમિક તપાસમાં જણાતા મૃતક યુવકના પરિવારજનોને જાણ કરતા ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. પોલીસે મૃતદેહને પાણી બહાર કાઢી પીએમ માટે સરકારી દવાખાને ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. માલપુર તાલુકાના ઉભરાણ ગામનો પરિમલ હસમુખભાઈ સુથાર (ઉં.વર્ષ-૪૩) ગામનો યુવાન ત્રણ દિવસથી ઘરેથી સંબંધીના ત્યાં જવાનું કહી નીકળ્યો હતો ત્યારે મંગળવારે બાયડ તાલુકાના ઓઢા અને ટોટુ નજીક અહેમદપુરા ગામ નજીકથી પસાર થતી કેનાલમાંથી પાણીમાં તરતો યુવકનો મૃતદેહ મળી આવતા ચકચાર મચી હતી. મૃતક યુવક પરિમલ સુથારને ૫ વર્ષ અગાઉ અકસ્માત નડતા માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતા માનસિક સંતુલન બરાબર ના હોવાથી અકસ્માતે વાત્રક કેનાલમાં પડી ગયો હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવતા સાઠંબા પોલીસે મનુભાઈ જેઠાભાઈ સુથારની ફરિયાદના આધારે અકસ્માતે મોતનો ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

### ''બોર્ડરની કામગીરી કરવા તૈયાર પણ બોર્ડની નહિ''

# 'ટચૂકલો' પ્રાથમિક શિક્ષકોના સોશ્યલ મીડિયા ગ્રુપમાં ધૂમ મચાવે છે

મોડાસા, તા. ૫

ગુજરાત મા.અને ઉ.મા. શિક્ષણ બોર્ડ અને જીલ્લાના પ્રાથમિક સંઘ બોર્ડની પરીક્ષામાં કામગીરી લઈને આમને-સામને હોય તેમ બોર્ડની પરીક્ષામાં મેનપાવરની વધુ જરૂરિયાત હોવાથી પ્રાથમિક શાળાના શિક્ષકોએ ફરજિયાત પણે બોર્ડની પરીક્ષામાં કરવા પડશે કામગીરી કરવાનો બોર્ડે પરિપત્ર કરી જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીઓને મોકલી અપાતા જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીના પરિપત્ર સામે રાજ્યના કેટલાક જિલ્લાઓના પ્રાથમિક શિક્ષણ સંઘ દ્વારા બોર્ડની પરીક્ષાની કામગીરી કરવાનો વિરોધ કરવામાં આવતા.

શિક્ષણ બોર્ડે સ્પષ્ટ પણે પ્રાથમિક શિક્ષણ નિયામકને પરિપત્ર કરી બોર્ડની પરીક્ષામાં વધુ મેન પાવરની જરુર પડતી હોવાથી પ્રાથમિક શિક્ષકોને કામગીરી કરવામાં જોતરવા અને જો કોઈ શિક્ષક કામગીરીથી ઈન્કાર કરશે તો તેમાં પર શિક્ષણાત્મક પગલા લેવાશે ના પરિપત્રથી પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા શિક્ષકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે

રાજ્ય સરકાર સામે ૧૯૯૭થી પગારના શિક્ષકોને સળંગ સર્વિસ કરવાની માંગ સાથે ઉચ્ચતર પગાર ધોરણ અને શિક્ષણકાર્ય સિવાય અન્ય કામગીરી ન સોંપવા જેવા વિવિધ પડતર પ્રશ્ને ગુજરાત રાજ્યના પ્રાથમિક શિક્ષકોએ રીતસરની બાયો ચઢાવી આક્રમક અંદાજ સાથે વિધાનસભા ઘેરાવ કરવાનો કાર્યક્રમ અપાતા હચમચી ઉઠેલી રાજ્ય સરકારે બાહેંધરી આપી તેમની પડતર માંગણીઓ સંતોષાઈ જશે તેવુ જણાવ્યા બાદ ઠોસ પરિણામ નહિ મળતા શિક્ષકોમાં ઉગ્ર રોષ ફેલાયો છે. ત્યારે નિયમ અનુસાર એસ.એસ.સી. અને એચ.એસ.સી. બોર્ડની કામગીરી સોંપતા કેટલાક જીલ્લાના પ્રાથમિક શિક્ષણ સંઘે વિરોધ નોંધાવ્યો હતો. પ્રાથમિક શિક્ષકોને શિક્ષણ સિવાયની અન્ય કામગીરી સોંપતા વિદ્યાર્થીઓના શિક્ષણ પર અસર પડતી હોવાથી અને વિદ્યાર્થીઓની એપ્રિલ માસમાં વાર્ષિક પરીક્ષા હોવાથી કોર્સ પણ અધૂરો છે તદઉપરાંત મતદાર સુધારાના યાદીમાં બીએલઓ તરીકે પણ પ્રાથિમક શિક્ષકો જોડાયેલા હોવાથી રાજ્યના વિવિધ જીલ્લાના પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીને બોર્ડની પરીક્ષામાં પ્રાથમિક શિક્ષકોને કોઈપણ પ્રકારની કામગીરીથી કામગીરી ન સોંપવા અનુરોધ કરાયો છે.

# ભિલોડાના નવા ભવનાથના મેળામાં પોલીસકર્મી પર પથ્થરમારો

ભિલોડા,તા.૫

ભિલોડાના નવા ભવનાથ ખાતે શ્રી ભુવનેશ્વર મહાદેવ મંદિર પરીસરમાં મહાશિવરાત્રી નિમિત્તે લોકમેળો ભરાયો હતો. પોલીસ કર્મી ઉપર ત્રણ ઈસમોએ એસ. ટી. બસ સ્ટેન્ડ પાસે પોલીસ કર્મીની ફરજમાં દખલગીરી કરી બિભત્સ અપશબ્દો બોલી પથ્થરમારો કર્યો હતો. પથ્થરમારા દરમ્યાન પોલીસ કર્મીના શરીર ઉપર વત્તા-ઓછા પ્રમાણમાં ઈજાઓ પહોંચતાં સારવાર અર્થે ખસેડાયા હતા. પોલીસએ ત્રણ ઈસમો વિરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ભિલોડા પોલીસ સ્ટેશન પી. એસ. ઓ. સુરમાજી બારડના જણાવ્યા મુજબ મહાશિવરાત્રીના લોકમેળાના બંદોબસ્તમાં પોલીસ કર્મી મનિષકુમાર બાબુલાલ (અ.હે.કો.) સરસ્વતી હેર કટીંગ સલુન, એસ. ટી. બસ સ્ટેન્ડ સામે ફરજ બજાવતા હતા તે દરમ્યાન ગત રોજ સમી સાંજે (૧) કાળુભાઈ ગનાભાઈ કલાસવા, રહે.ગંભીરપુર, તા.ભિલોડા (૨) નરેશ કાળુભાઈ ગનાભાઈ કલાસવા (રાજસ્થાનવાળા) (૩) લાલો રાજસ્થાનવાળો સરનામું જાણવા મળેલ નથી આ ત્રણ ઈસમો પોલીસની કામગીરીમાં રૂકાવટ ઉભી કરી મન ફાવે તેમ બિભત્સ અપશબ્દો બોલી ત્રણેય ઈસમોએ એકબીજાની મદદગારી કરી છુટા પથ્થરો પોલીસ કર્મી ઉપર મારતાં પોલીસ કર્મીના ડાબા કાનના ઉપરના માથાના ભાગે તેમજ શરીર ઉપર ગંભીર ઈજાઓ પહોંચતાં પોલીસ કર્મીને કોટેજ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા. પોલીસે ત્રણ ઈસમો વિરૂધ્ધ ગુનો નોંધી જીલ્લા મેજિસ્ટ્રેટના જાહેરનામાનો ભંગ કરવા સંદર્ભે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

# પાંચડા ખાતે મહાશિવરાત્રિની ઉજવણી કરાઈ

વડગામ તાલુકાના પાંચડા ગામમાં આવેલા રામેશ્વર મહાદેવ મંદિરમોં ભક્તોએ ભોલેનાથની પુજા અર્ચના કરી શોભાયાત્રા નિકાલવામોં આવી હતી.આ પ્રસંગે ઉપસ્થિત કૈલાશ માનસરોવર મુક્તિ આંદોલનના ગુજરાત પ્રદેશ અધ્યક્ષ શ્રી મુકેશભાઈ દરજી, ડેપ્યુટી સરપંચ શ્રી દિનેશજી ઠાકોર, આર.કે. પટેલ, રણજીતસિંહ બારડ, ઘેમરસિંહજી બારડ, સોમાભાઈ નાઈ, પ્રહલાદભાઈ નાઈ, રતિલાલ જોષી, પુજારી મહેન્દ્રભાઈ જોષી, લલિતભાઈ મોદી, ગણેશભાઈ ચૌધરી, રમેશભાઈ પરમાર, એમ.એસ. ઠાકોર, દલાજી ઠાકોર, ગોવિંદજી ઠાકોર વગેરે શિવભક્તો મોટી સંખ્યામોં આજના આ મહાશિવરાત્રિ પર્વમોં જોડાયા હતા સર્વે ભક્તોએ રામેશ્વર મહાદેવની જય, હર હર મહાદેવ, ૐ નમઃ શિવાયના જયઘોષ બોલાવી વાતાવરણ ભક્તિમય બનાવ્યુ હતુ.

# ભિલોડા એસ. ટી. બસ સ્ટેશનના નવનિર્મિત ભવનનું આજે લોકાર્પણ

ભિલોડા,તા.૫

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા મથક ખાતે એસ. ટી. બસ સ્ટેશનના અદ્યતન સુવિધાસભર નવિન ભવનનો લોકાર્પણ સમારોહ તા.૬ઠ્ઠીને બુધવારના રોજ બપોરે ૩:૦૦ વાગ્યે યોજાશે તેમ એસ.ટી. વિભાગના કર્મચારીઓએ જણાવ્યું હતું. એસ. ટી. બસમાં રોજીંદી મુસાફરી કરતા મુસાફરો, નોકરીયાતો, વિદ્યાર્થીઓમાં આનંદની લાગણી પ્રસરી છે. ગુજરાત રાજ્ય સરકાર ધ્વારા રૂા. ૨ કરોડ ૫૯ લાખના ખર્ચે પ્રિ-કાસ્ટ કન્સ્ટ્રકશન પધ્ધતિથી અદ્યતન સુવિધા સભર નવિન નવનિર્મિત એસ. ટી. બસ સ્ટેશનનું લોકાર્પણ સમારોહ દબદબાભેર રીતે યોજાશે તેમ એસ. ટી. ડેપોના કર્મચારીઓએ જણાવ્યું હતું. હિંમતનગર ડિવિઝન વિભાગીય નિયામક એમ. ડી. શુકલ એ જણાવ્યું હતું કે ભિલોડા એસ. ટી. ડેપો ખાતે નવનિર્મિત એસ. ટી. બસ સ્ટેશનનો લોકાર્પણ સમારોહ પ્રસંગે રમણલાલ પાટકર મંત્રી(રાજ્ય કક્ષા)વન અને આદિજાતિ વિકાસ, અરવલ્લી જીલ્લા ભાજપ પ્રભારીના અધ્યક્ષ સ્થાને, મુખ્ય મહેમાન દિપસિંહ રાઠોડ સંસદસભ્ય, રણવીરસિંહ જે. ડાભી પ્રમુખ અરવલ્લી જીલ્લા ભાજપ સંગઠન, રાજકીય, સામાજીક આગેવાનો, ગ્રામજનો, મુસાફરોની ઉપસ્થિતીમાં એસ. ટી. બસ સ્ટેશનનો લોકાર્પણ યોજાશે તેમ જણાવ્યું હતું.




### ધાનેરામાં સફાઈકામદારો હડતાળ પર.....

ધાનેરા માં સફાઈ કામદારો એ હડતાલ રાખી રેલી યોજી હતી જેમાં સુત્રોચાર કાર્ય હતા કે અમારી અંગે પુરી કરો,પૂરતું વેતન આપો અને અમને કાયમી રોજગારી આપો ધાનેરા નગરપાલિકા ના સફાઈ કંદોરોએ રાખી ધાનેરા માં રેલી યોજી હતી અને જણાવ્યું હતું કે આજે અમારા તમામ સફાઈ કામદારો કામ હડતાલ ઉપર ઉતર્યા છીએ કારણકે અમને કાયમ કરતા નથી અમે લોકો વર્ષોથી સફાઈ નું કામ કરીએ છીએ જે લોકો મૃત્યુ પામે તેના વાઈસાઈ લોકો ને નોકરીએ રાખવા તેમજ કોન્ટેક બેજ હટાવી અને અમને કાયમી નોકરી આપે તેવી માંગ સાથે આજે સફાઈ કામદારોએ રેલી યોજી આવેદનપત્ર આપી માન્ગાની કરીછે ત્યારેહવે જોવાનું એ રહે છે કે આ સફાઈ કામદારો ની હડતાલ ક્યારે પુરી થાય છે.

# મોડાસાની ધી ઘાંચી આરોગ્ય મંડળમાં નિ:શુલ્ક ડાયાલીસીસ સેન્ટરનો પ્રારંભ




મોડાસા, તા. ૩

અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેર ઉત્તર ગુજરાત સહીત પંચમહાલ, મહીસાગર જીલ્લા સહીત રાજસ્થાનમાં આરોગ્યનગરી તરીકે ખુબજ જાણીતું છે. મોડાસા શહેરની ધી ઘાંચી આરોગ્ય મંડળ હોસ્પિટલ જરૂરિયાતમંદ અને ગરીબ દર્દીઓ માટે આશીર્વાદ સમાન બની રહી છે. ધી ઘાંચી આરોગ્ય હોસ્પિટલમાં નિ:શુલ્ક ડાયાલીસીસ સેન્ટરનો પ્રારંભ થતા કિડનીની બીમારીથી પીડાતા જરૂરિયાતમંદ અને ગરીબ દર્દીઓ સારવારના અભાવે મોતના મુખમાં ધકેલાતા હોવાથી નિ:શુલ્ક ડાયાલીસીસ સેન્ટર આશીર્વાદરૂપ બનશે.

મોડાસાની ઘાંચી આરોગ્ય મંડળમાં રવિવારે મરિયમબેન બાબુભાઈ ટાઢા નિ:શુલ્ક ડાયાલિસિસ સેન્ટરનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું.

આ સાથે સરકારની આરોગ્યલક્ષી યોજનાઓ પણ આ ડાયાલિસિસ સેન્ટરમાં આવરી લેવાશે, જેથી સરકારી યોજનાના લાભાર્થીઓને તેનો લાભ મળી રહેશે તેવું ટ્રસ્ટીઓએ જણાવ્યું હતું. નિ:શુલ્ક ડાયાલીસીસ સેન્ટરનો પ્રારંભ પ્રસંગે તાહીર. એ. એડનવાલા (દુબઈ), રાજ્ય સભાના સાંસદ મધુસુદન મિસ્ત્રી, ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોર, નગરપાલિકા પ્રમુખ સુભાષ શાહ, સર્વોદય બેંકના ચેરમેન ઈકબાલ ઈપ્રોલીયા, રોડ ટ્રાન્સપોર્ટ મોડાસાના પ્રમુખ અબ્દુલ રઝાક ટીંટોઈયા, મોડાસા ગોટ્સ એશોના પ્રમુખ સલીમભાઈ દાદુ, ધી ઘાંચી આરોગ્ય મંડળના પ્રમુખ મો. હબીબી ઈપ્રોલિયા (પ્રમુખ), બાબુભાઈ ટાઢા, રહીમ ભાયલા, ઈબ્રાહિમ ભૂરા, હમિદ ટીંટોઈયા અને ઉસ્માનલાલા સુથાર સહીત ટ્રસ્ટીઓ અને મોટી સંખ્યામાં લઘુમતી સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સફાઈ કામદારો હીરાબાને તામ્રપત્ર આપી ન્યાય માંગશે

## પડતર માંગણીઓ મામલે ગાંધીનગર સ્થિત વડાપ્રધાન મોદીની માતા હીરાબાને તામ્રપત્ર આપી ન્યાયની માંગ કરવામાં આવશે

મોડાસા, તા. ૫




ગુજરાતમાં ૧૬૨ નગરપાલિકાના સફાઈ કામદારો, સરકારી કચેરી અને ગ્રામ પંચાયતમાં હંગામી ધોરણે કામ કરતા સફાઈ કર્મચારીઓ તેમની વિવિધ પડતર માંગણીઓ લઈ ૫ માર્ચથી અચોક્કસ મુદતની હડતાલ પર ઉતર્યા છે. અરવલ્લી જીલ્લાની મોડાસા નગરપાલિકા સહીત જીલ્લામાં ફરજ બજાવતા ૭૦૦થી વધુ સફાઈ કામદારો હડતાલ પર ઉતર્યા છે. મોડાસા ટાઉનહોલ નીચે એકઠા થયેલા ૭૦થી વધુ સફાઈ કામદારોને મોડાસા ટાઉન પોલીસે ડિટેઈન કરી પોલીસ સ્ટેશને લઈ જવાતા સફાઈ કામદારોએ સરકાર સામે એ પોલીસતંત્રની કામગીરી સામે નારા લગાવી ન્યાયની માંગ કરી હતી.

ગુજરાત રાજ્ય વાલ્મિકી સમાજના અધ્યક્ષ અને સફાઈ કર્મચારીઓના ન્યાય માટે સરકાર અને તંત્ર સામે સતત ઝઝૂમતા લાલજી ભગતે મોડાસા ટાઉન પોલીસે હડતાલ પર બેઠેલા સફાઈ કામદારોને ડિટેઈન કરવાની કાર્યવાહી કરવામાં આવતા સરકારના ઈશારે પોલીસતંત્ર સફાઈ કામદારોના અવાજને દબાવવા માંગતી હોવાનો આક્ષેપ કરી ૯ તારીખ સુધીમાં સફાઈ કામદારોની પડતર માંગણીઓ નહિ સ્વીકારમાં આવે તો થોડા સમય અગાઉ માલપુરથી દિલ્હી સુધી ૧૧૦૦ કિમિ પદયાત્રા યોજી વડાપ્રધાન નરેન્દ્ર મોદીને સફાઈ કામદારોની પડતર માંગણીઓ સાથેનો તામ્ર પત્ર આપવા પહોંચ્યા હતા પણ તેમની પાસે સફાઈ કામદારોના પ્રશ્નો માટે સમય ન હોવાથી તામ્રપત્ર સ્વીકાર્યો ના હોવાથી આ તામ્રપત્ર ગાંધીનગર સ્થિત તેમની માતા હીરાબાને આપી ન્યાયની માંગ કરવામાં આવશે હોવાનું રોષપૂર્વક જણાવી મોદીસાહેબ સફાઈ કામદારોના પગ ધોવાના અને હામી હોવાના ખોટા વાયદા કરવામાં આવી રહ્યા હોવાનું જણાવ્યું હતું.

### પાલનપુર ખાતે પ્રધાનમંત્રી શ્રમ યોગી માનધન યોજનાનું ઉદઘાટન



પાલનપુર જીલ્લા પંચાયત નજીક આવેલ કર્મચારી કલ્યાણ તંત્ર ભવન ખાતે કેન્દ્રીય મંત્રી હરીભાઈ ચૌધરીના અધ્યક્ષસ્થાને અસંગઠીત કામદારો માટે પેન્શન યોજના- પ્રધાનમંત્રી શ્રમ યોગી માનધન યોજનાના ઉદઘાટન સમારોહ યોજાયો હતો. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની સરકારે છુટક મજુરી કરતા અસંગઠીત ક્ષેત્રના કામદારો માટે પ્રધાનમંત્રી શ્રમ યોગી માનધન યોજના અમલી બનાવી છે. જે કામદારોને બહુ ઉપયોગી નિવડશે. આ પ્રસંગે કલેકટર સંદીપ સાગલે, ભારતીય મજદુર સંઘના રાહુલભાઈ પરમાર, જીલ્લા પુરવઠા અધિકારી એસ. જે. ચાવડા, નાયબ જીલ્લા ચૂંટણી અધિકારી યોગેશ ઠક્કર, અધિકારીઓ સહીત મોટી સંખ્યામાં લોકો ઉપસથિત રહ્યા હતા.








### પાલનપુર ખાતે 'આજ કી શામ ભારત કી સેના કે નામ' સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો

પાલનપુર પોલીસ હેડકવાર્ટર ખાતે જંગી જનમેદનીની ઉપસથિતીમાં રાજ્યના પ્રતિષ્ઠિત કલાકારો દ્વારા એક શામ ભારત કી સેના કે નામ નો જાહેર કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ગુજરાતના સુપ્રસિધ્ધ કલાકારો સાંઈરામ દવે અને અભિતા પટેલ દ્વારા ભારતીય સેનાના સાહસ, શૌર્ય અને પરાક્રમ તથા દેશભક્તિને અનુરૂપ સાંસ્કુતિક કાર્યક્રમ રજુ કર્યા હતા જેને લોકોએ આનંદથી માણ્યા હતા. આ પ્રસંગે સિંચાઈ અને પાણી પુરવઠા મંત્રી પરબતભાઈ પટેલે વીર શહીદોને આદરપૂર્વક શ્રધ્ધાંજલિ અર્પણ કરતાં જણાવ્યું કે પુલવામા હુમલા પછી ભારતની બહાદુર સેનાના પરાક્રમ અને શૌર્યથી દેશભરમાં રાષ્ટ્રપ્રેમના માહોલની જમાવટ થઈ છે. આપણા લોકપ્રિય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતીય સેનાને છુટ આપી છે. જેનાથી ભારતીય સેનાએ તેની બહાદુરી, શૌર્ય, સાહસ અને પરાક્રમનો પરચો બતાવ્યો છે. કાર્યક્રમના પ્રારંભમાં શહીદો જવાનોની યાદમાં બે મિનિટનું મૌન પાળી શ્રધ્ધાંજલિ આપવામાં આવી હતી. આ પ્રસંગે કલેકટર સંદીપ સાગલે, નિવાસી અધિક કલેકટર એલ.બી. બાંભણીયા, બી.એસ.એફ. ના ડેપ્યુટી કમાન્ડન્ટ સોઢા, હિતેષભાઈ ચૌધરી, હરેશભાઈ ચૌધરી સહીત અધિકારીઓ, અગ્રણીઓ અને શહેરીજનો વિશાળ સંખ્યામાં ઉપસથિત રહયા હતા.